# ‘ધ સિક્સ ડે વૉર’: ઈઝરાયેલને કાયમી શાંતિ આપનાર યુદ્ધ

**અહીં ‘ધ સિક્સ ડે વૉર’ની વાત માંડવાનું મહત્ત્વનું કારણ એ છે કે આ વર્ષે આ ઘટનાને ૫૦ વર્ષ પૂરાં થયાં છે. આ પ્રસંગે આ રોમાંચક યુદ્ધના ફ્લેશબેકમાં જવું પ્રાસંગિકની સાથે રસપ્રદ પણ બની રહેશે.**



**કુલદીપ મણિયાર.** aarpar@gmail.com

ઈતિહાસ વિશે ઘણી માન્યતાઓ પ્રચલિત છે. પણ ઈતિહાસ અંગેની એક નિર્વિવાદ હકીકત એ છે કે તે આવનારી અસંખ્ય પેઢીઓ માટેનો પ્રેરણાસ્રોત બની રહેતો હોય છે. આવું એટલા માટે કહી શકાય કે વિશ્વના ઈતિહાસમાં અનેક ઘટનાઓ નોંધાયેલી છે પણ ક્યારેક એવી ઘટનાઓ પણ બનતી રહી છે કે જેણે અગાઉથી ચાલ્યા આવતા ઈતિહાસમાં સ્થાન મેળવવાના બદલે પોતાના થકી એક અલગ નવો જ ઈતિહાસ રચી દીધો હોય. આ વખતે અહીં એક એવી જ ઘટનાની વાત કરવી છે. આ ઘટના એટલે ‘ધ સિક્સ ડે વૉર’.અત્યારે અહીં આ ઘટનાને યાદ કરવાનાં બે સ્પષ્ટ કારણો છે. એક કારણ છે કાશ્મીરની હાલની પરિસ્થિતિ અને છેલ્લા થોડા સમયથી પાકિસ્તાન તરફથી અનહદ અને અસહ્ય બનેલી હેરાનગતિ અને તેની સામે કડક હાથે કામ લેવા બાબતે ઈઝરાયેલનીતિ યાદ આવે અને તેની ચર્ચા પણ થાય તે સ્વાભાવિક છે. અહીં ‘ધ સિક્સ ડે વૉર’ની વાત માંડવાનું બીજું મહત્ત્વનું કારણ એ છે કે આ વર્ષે એટલે કે ૨૦૧૭માં આ ઘટનાને- આ યુદ્ધને- ૫૦ વર્ષ પૂરાં થયાં છે. આ પ્રસંગે આ રોમાંચક યુદ્ધના ફ્લેશબેકમાં જવું પ્રાસંગિકની સાથે રસપ્રદ પણ બની રહેશે. ૫મી થી ૧૦મી જૂન, ૧૯૬૭ દરમ્યાન થયેલા આ યુદ્ધમાં ઈઝરાયેલ, ઈજિપ્ત, સીરિયા અને જોર્ડન એમ કુલ ચાર દેશો સક્રિય રીતે સંકળાયેલા હતા. જોકે અમેરિકા અને રશિયા તેમજ આરબવિશ્વના



બીજા દેશો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ યુદ્ધમાં રસ ધરાવતા હતા અને તેમણે પણ આ યુદ્ધને અસર કરતી શક્ય તેટલી ભૂમિકા ભજવી હતી. ખરેખર જોવા જાવ તો આરબ દેશો આ યહૂદી દેશનું અસ્તિત્વ મિટાવી દેવા મરણિયા બન્યા હતા. એનું કારણ એ હતું કે ૧૯૪૮માં જ્યારે સત્તાવાર યહૂદી રાષ્ટ્ર તરીકે ઇઝરાયેલ અસ્તિત્વમાં આવ્યું ત્યારે પ્રાથમિક તબક્કે જ આરબ વિશ્વએ લશ્કરી બળ વાપરીને આ રાષ્ટ્રને ઊગતું જ ડામી દેવાનો કુટિલ પ્રયાસ કરેલો પણ તેમને સફળતા મળેલી નહીં. આ પછી ૧૯૫૬માં ફરી આ જ દેશોએ આ જ પ્રકારનો બીજો પ્રયાસ કરેલો. તેમાં પણ તેઓ નિષ્ફળ રહ્યા. એટલે તે પછી આ દેશો કોઇ ને કોઇ કારણ શોધીને ઇઝરાયેલને ઉશ્કેરતા રહેતા હતા. દેખીતી રીતે તે સમયે આરબ દેશોની લશ્કરી તાકાત ઇઝરાયેલની સરખામણીમાં ક્યાંય ચડિયાતી હતી. એટલે આ દેશોની ગણતરી એવી કે કોઇપણ રીતે ઉશ્કેરાઇને જો ઇઝરાયેલ ખુલ્લા યુદ્ધ પર ઉતરી આવે તો તેનો ઘડોલાડવો કરી નાખવો અને ઉપરથી તેને આંતરરાષ્ટ્રીય સ્તરે 'આક્રમણખોર'નું લેબલ લાગે તે નફામાં. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે ૧૯૫૬માં આરબ દેશો અને ઇઝરાયેલ વચ્ચે જે સંઘર્ષ થયેલો તેનું મુખ્ય કારણ એ હતું કે આરબ દેશોએ સમુદ્રમાર્ગે ઇઝરાયેલ આવતો વિવિધ ચીજવસ્તુઓનો પુરવઠો તેમજ તે સમયે સમુદ્રમાર્ગે ધીમી પણ મક્કમ ગતિએ વિકસી રહેલો ઇઝરાયેલનો અન્ય દેશો સાથેનો વેપાર લગભગ અટકાવી દીધો હતો. લગભગ આ જ પ્રકારની ભૂલનું પુનરાવર્તન ૧૯૬૭માં ઇજિપ્તે કર્યું. એક તો તેણે સત્તાવાર નિર્ણય લઇને સાઇનેઇમાંથી યુ.એન.ના દળોને રીતસરના હાંકી કાઢ્યા અને બીજું અવિચારી પગલું ઇજિપ્તે એ લીધું કે ઇઝરાયેલના ઇલાત બંદરને રીતસરની લશ્કરી કવાયત થકી ઘેરી લીધું. આ તમામ કવાયતનો એકમાત્ર ઇરાદો ઇઝરાયેલને ખતમ કરી દેવાનો જ હતો પણ પોતાના અસ્તિત્વ સામે ખતરો ઊભો થાય ત્યારે ઇઝરાયેલ કેવી રીતે ચૂપ રહી શકે? આ સંજોગોમાં ઇઝરાયેલે માત્ર ૬ જ દિવસમાં નિર્ણાયક જવાબ આપી દીધો. આ 'ધ સિક્સ ડે વૉર' પછી તો ઇઝરાયેલને કાયમી શાંતિ મળી ગઇ પણ આ વૉરની શરૂઆત થઇ ત્યારે તો ઇઝરાયેલનો પરાજય નિશ્ચિત મનાતો હતો કારણ કે સામે પક્ષે આરબવિશ્વ દ્વારા ઇજિપ્ત અને અન્ય બે મુખ્ય આરબ દેશોની આગેવાની હેઠળ મસમોટી અને વ્યવસ્થિત લશ્કરી કવાયત હાથ ધરવામાંઆવી હતી. યુદ્ધની શરૂઆતમાં તે સમયે ૩૧ મિલિયનની વસ્તી ધરાવતા ઇજિપ્તે ઇઝરાયેલ સાથેની પોતાની સરહદે લશ્કરનો જબરદસ્ત ખડકલો કરી દીધો. તે સાથે જ ઇઝરાયેલી દક્ષિણે આવેલા તેના ઇલાત બંદરે મોટો નૌકાકાફલો મોકલીને ઇઝરાયેલની જળસીમાની પણ નાકાબંધી કરવા માંડી. સામાન્ય સમજ મુજબ અને આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ પણ ઇજિપ્તનું આ કૃત્ય ઇઝરાયેલ સામે ખુલ્લા યુદ્ધના મૌન છતાં સત્તાવાર જાહેરાત સમું હતું. જોકે આ તો હજી શરૂઆત હતી. ઇજિપ્તે મોટાપાયે મોરચો ખોલ્યા પછી જોર્ડન અને સીરિયાએ પણ તેની સાથે રહીને મોરચા ખોલી દીધા. આ રીતે પરિસ્થિતિ એવી ઊભી થઇ કે ઇઝરાયેલે એકસાથે ત્રણ મોરચે લડવાનું આવ્યું અને છતાં આ ત્રણેય મોરચે આર્મી અને એરફોર્સના અદ્ભુત સંકલનથી આ સંયુક્ત અભિયાન વિજયી બનીને જે રીતે પાર પાડ્યું એ બાબત આ લડાઇને અભૂતપૂર્વ ઘટના તરીકે પ્રસ્થાપિત કરે છે. આરબ દેશો અને ઇઝરાયેલ વચ્ચેના લાંબા સંઘર્ષને લઇને એ.જે. બાકરે અંગ્રેજીમાં 'આરબ-ઇઝરાયેલી વૉર્સ' નામનું જાણીતું પુસ્તક લખ્યું છે જેમાં આ 'ધ સિક્સ ડે વૉર' દરમ્યાન બંને પક્ષે થયેલી મોરચાબંધી અને પછી થયેલા તુમુલ યુદ્ધનું વર્ણન છે. જે મુજબ ઇજિપ્તના મોરચાની વાત કરીએ તો અહીં ઇજિપ્તે જે મજબૂત મોરચાબંધી કરી હતી તેનાથી એ સ્પષ્ટ થતું હતું કે ઇજિપ્તે જમીનમાર્ગે જ ઇઝરાયેલના જવાબી આક્રમણની અપેક્ષા રાખેલી. સામેપક્ષે ઇઝરાયેલે 'પહેલો ઘા રાણાનો' એ નીતિ અપનાવીને આ મહત્ત્વના મોરચે યુદ્ધના શરૂઆતના જ તબક્કે મોટાપાયે હવાઇ આક્રમણ કરી દીધું. ઇઝરાયેલનું આ પગલું માત્ર ઇજિપ્ત માટે જ નહીં તત્કાલીન વિશ્વના લશ્કરી નિષ્ણાતો માટે પણ હેરતજનક હતું. આગળ વાત કરતાં પહેલાં આ વાતને થોડી વધુ સમજીએ. સામાન્ય રીતે કોઇપણ યુદ્ધમાં સક્રિય ભૂમિકાની રીતે એરફોર્સની ભૂમિકા નંબર-૨ પર હોય છે. સૌપ્રથમ સક્રિય ભૂમિકા આર્મીની હોય છે. પછી જ્યારે આર્મી એર કવર માંગે ત્યારે એરફોર્સ સક્રિય થાય છે. પરંતુ 'ધ સિક્સ ડે વૉર'માં ઇઝરાયેલે આ સિદ્ધાંત બદલ્યો હતો. તેણે એરફોર્સને નંબર-૧ની ભૂમિકામાં મૂકી દીધું હતું. તેણે પોતાનાં હવાઇદળનાં ૯૦ ટકા વિમાનોને આ મિશનમાં લગાડી દીધાં હતાં અને તેઓ ઇજિપ્શિયન આર્મીને રીતસરની ઘમરોળી રહ્યા હતા. બીજી તરફ સાઇનેઇમાં બરાબર આ જ સમયે ઇઝરાયેલે આક્રમક ગ્રાઉન્ડ એટેક પણ કરી દીધો. હવે પરિસ્થિતિ એ હતી કે ઇજિપ્તની સેના માટે જમીન પર નજર સામે મોત મંડરાતું હતું તો આકાશમાંથી પણ મોત જ વરસતું હતું. ખરેખર તો જોવાની વાત એ હતી કે મોરચા પર તૈનાત ઇજિપ્શિયન આર્મી કમાન્ડર્સ પરિસ્થિતિ પામી ગયા હતા અને પીછેહઠનો માત્ર સત્તાવાર આદેશ મળે તેની રાહ જોઇ રહ્યા હતા ત્યારે ઇજિપ્તનું મિડિયા અને પ્રજા તેમજ લશ્કરના ઉચ્ચ અધિકારીઓ યુદ્ધ મોરચાની વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ હતા. પછી પરાજય નિશ્ચિત લાગતાં આ સૌને તેની જાણ કરાઈ ઇઝરાયેલે જીતી લીધો, કહો કે રીતસરનો શાંત પાડી દીધો હતો. આ જ રીતે જોર્ડનના મોરચે ખેલાયેલા યુદ્ધની વાત કરીએ તો અહીં ઇઝરાયેલે વળી જુદી વ્યૂહરચના અપનાવી કે પોતાની આસપાસના લગભગ બધાં જ વ્યૂહાત્મક સ્થાનો પર તૈનાત જોર્ડનના લશ્કરને બને તેટલું વધુ પોતાની સરહદની અંદર સુધી આવવા દીધું. આ દરમ્યાન ઇઝરાયેલી એરફોર્સના હવાઇ હુમલા તો સતત ચાલુ જ હોવા છતાં ગ્રાઉન્ડ એટેકમાં જાણીબૂઝીને થોડી શાંતિ જાળવવામાં આવેલી. પછી જ્યારે જોર્ડનનું લશ્કર ખાસ્સું અંદર સુધી આવી ગયું અને છેક 'નો મેન્સ લેન્ડ' સુધી પહોંચ્યું ત્યારે આ તરફથી ઇઝરાયેલના લશ્કરે આક્રમણ કર્યું. આ પછી જોર્ડન માટે બીજો મહત્ત્વનો મોરચો જેરુસાલેમનો હતો. વેસ્ટબેન્કની લડાઇ દરમ્યાન જોકે જોર્ડનના લશ્કરે ગવર્નમેન્ટ હાઉઝ પર કબજો કર્યો હતો તેને મુક્ત કરાવતું ઇઝરાયેલનું લશ્કર જેરુસાલેમ પહોંચ્યું. ઇઝરાયેલી આર્મી અને એરફોર્સની જુગલબંધીએ કામ આસાન કરી નાખ્યું. ટેમ્પલ માઉન્ટ કહેવાતા સ્થળ પર ઇઝરાયેલે કબજો કરી લીધો. સીરિયા સાથેની લડાઇ ૫૦૦ જેટલા સીરિયનોને યુદ્ધકેદીઓ બનાવીને જીતી લીધી. આમ 'ધ સિક્સ ડે વૉર'નો કાયમી સંધિઓ સાથે સત્તાવાર અંત આવ્યો. આ સંદર્ભે આજનું ભારત બધી રીતે સજ્જ હોવા છતાં આપણા નેતૃત્વમાં ઇચ્છાશક્તિની કમી વરતાય છે.